Gujarati

Gangmasters &
Labour Abuse Authority



# કામદારોના હક

## નિર્બળ અને
## શોષિત કામદારો નું રક્ષણ કરવું

# તમારા રોજગાર હકો

એક કામદાર તરીકેના તમારા હકો UK ના કાયદા દ્વારા સુરક્ષિત કરવામાં આવે છે. કેટલાક હકો જેવું તમને કામ મળે કે તરત જ લાગુ પડે છે, બીજા તમે કેટલો લાંબો સમય કામ કરો છો તેના પર આધારિત છે. આ સેકશનમાં દર્શાવેલું છે કે તમારે તમારા નોકરીદાતા પાસેથી શું અપેક્ષા રાખવી જોઈએ. આ તમારા કાયદેસરના હકો છે.

## National Minimum Wage (રાષ્ટ્રીય લઘુતમ વેતન)

ટૂંકા ગાળાના કરાર પર, અથવા એજન્સી માટે કામ કરતાં, જો તમે કાયમી કામ પર હો, તો તમને જે ઓછામાં ઓછું વેતન મળવું જોઈએ તે ઉચિત લઘુતમ વેતન છે. તે તમારી ઉમર પર આધારિત National Minimum Wage (રાષ્ટ્રીય લઘુતમ વેતન) (NMW) અથવા National Living Wage (રાષ્ટ્રીય જીવનનિર્વાહ વેતન) (NLW) હોઈ શકે છે.

જો તમે 'પીસ વર્ક' પગાર પર હો (દા.ત. તમે સંપૂર્ણ કરેલી,પેક કરેલી, ઉપાડેલી આઈટમોની સંખ્યા વિ. માટે) ત્યારે પણ તમારે ઓછામાં ઓછું સંબંધિત લઘુતમ વેતનની બરાબર મેળવવું જોઈએ. સ્વરોજગારી અને સ્વૈચ્છિક કામદારો સહિતના, અમુક અપવાદો છે.

લઘુતમ અને જીવનનિર્વાહ વેતનના દરોની વધુ માહિતી માટે **GOV.UK** પર જાઓ અને **'NMW'** શોધો.

## કામના કલાકો

તમારે એક અઠવાડિયામાં ઓવરટાઈમ સહિત 48 કલાકથી વધારે કામ નહીં કરવું પડે, સિવાય કે તમે તેમ કરવાનું પસંદ કર્યું હોય.

તમે અઠવાડિયા દીઠ ઓછામાં ઓછા એક દિવસ, અથવા દર બે અઠવાડિયે બે દિવસ ઓફ મેળવવા હકદાર છો. જો તમે એક દિવસમાં છ કલાક કરતાં વધારે કામ કરો, તો તમને આરામ માટે ઓછામાં ઓછા 20 મિનિટનો બ્રેક મળવો જોઈએ.

## વાર્ષિક રજા

તમારા કામના પ્રથમ દિવસથી શરૂઆત કરતાં તમે વર્ષમાં લઘુતમ અઠવાડિયાની સંખ્યામાં પગાર સાથેની રજા માટે કાયદા દ્વારા હકદાર છો. આમાં પાર્ટટાઈમ અને નિશ્ચિત મુદતના કોન્ટ્રાક્ટ વર્કરનો સમાવેશ થાય છે. નવીનતમ માહિતી માટે **GOV.UK** પર **'pay and work rights'** (વેતન અને કામને લગતા હકો) શોધો.

રજા અંગે તમારી હકદારીની વિગતો તમારા રોજગાર કરારમાં હોવી જોઈએ. તે તમારા સામાન્ય કામના કલોકો પર આધારિત હોય છે (પાર્ટ ટાઈમ કામદારો માટે પ્રમાણ અનુસાર), તમારા નોકરીદાતા માટે તમે કામ કરો તે સમય દરમિયાન તે ઉપાર્જિત થાય છે અને તેની ચુકવણી તમારા સામાન્ય કામના દરોએ થવી જોઈએ. તમારા નોકરીદાતા તમે ક્યારે રજા લેશો તે નક્કી કરવા હકદાર છે પરંતુ જો તમને મંજૂરી મેળવવામાં સમસ્યા હોય તો તમારે GLAA ને ફોન કરવો જોઈએ.

જ્યારે તમે નોકરી છોડો, ત્યારે ઉપાર્જિત થઈ હોય પણ તમે લીધી ના હોય તેવી કોઈપણ રજાઓનો પગાર તમને ચૂકવવો જોઈએ. જો તમારા નોકરીદાતા તમને કોઈ રજા ન લેવા દે અથવા જો તમારો રજાનો પગાર આપવાનો બાકી હોય, તો તમે પૈસા પાછા મેળવવાનો દાવો કરવા અંગે માર્ગદર્શન માટે Acas Helpline (Acas હેલ્પલાઈન) અથવા Citizens Advice (સિટીઝન્સ એડવાઈસ) નો સંપર્ક કરી શકો છો. વધારાના સંપર્ક નંબરો શોધવામાં મદદ માટે જુઓ **www.gla.gov.uk/contacts**.

## દરેક આઈટમોની વિગતો સાથેની પગાર સ્લિપ

તમને જ્યારે ચુકવણી કરવામાં આવે તે જ દિવસે તમને પગાર સ્લિપ મળવી જોઈએ જે તમારો ગ્રોસ પે (એકંદર પગાર) અને ટેક હોમ પે (ઘરે લઈ જવાનો પગાર) દર્શાવે. આ પ્રિંટેડ અથવા ઈલેક્ટ્રોનિક ડૉક્યુમેન્ટ હોઈ શકે અને આમાં રકમ અને તમારા પગારમાંથી કોઈ કપાતો કરેલી હોય તો તે દર્શાવેલી હોવી જોઈએ.

ટેક્સ અને નેશનલ ઈન્સ્યુરન્સ જેવી કપાતોમાં દર અઠવાડિયે ફેરફાર થઈ શકે છે અને તે દરેક પગાર સ્લિપ પર દર્શાવવી જોઈએ. તમારો કરાર મુજબનો પગાર તમને સમયસર મળવો જોઈએ અને તેમાં તમને મળવા પાત્ર રજાના કોઈ પગાર અથવા માંદગીના કોઈ પગારનો સમાવેશ થવો જોઈએ.

## વેતનમાંથી કપાતો

તમારા નોકરીદાતા તમારા વેતનમાંથી અમુક જ કપાતો કરી શકે છે અને તે તમારી પગાર સ્લિપમાં ચોક્કસ દર્શાવવી જોઈએ. તમને હમેશાં સ્લિપમાં દર્શાવેલી કપાતો થયા બાદની 'નેટ એમાઉન્ટ (ચોખ્ખી રકમ)' મળવી જોઈએ.

કેટલીક કપાતો વૈધાનિક હોય છે, જેવી કે ટેક્સ અને નેશનલ ઈન્સ્યુરન્સ ફાળો, અને તમે રોજગારના કરારમાં કબુલ કરી હોય તેવી અન્ય કપાતો, દા.ત. રહેઠાણ અથવા ટ્રાન્સપોર્ટ ચાર્જિસ. એ વાતની નોંધ લેવા વિનંતી કે કરારોમાં જણાવેલી કેટલીક કપાતો કાયદેસર ન પણ હોય. જો તમને ખબર ના હોય તો GLAA ને પૂછો.

રહેઠાણ માટેની મર્યાદિત રકમ સિવાય તમે અમુક કપાત માટે મંજૂરી આપી હોય તો પણ તેનાથી તમારો પગાર સંબંધિત લઘુતમ વેતનથી ઓછો થવો જોઈએ નહીં. નવીનતમ માહિતી માટે **GOV.UK** પર **'pay and work rights'** (વેતન અને કામને લગતા હકો) શોધો.

## સ્વાસ્થ્ય અને સલામતી

કાર્યસ્થળે તમારા સ્વાસ્થ્ય અને સલામતીની કાયદેસરની જવાબદારી તમારા નોકરીદાતાની છે. જ્યાં યોગ્ય હોય ત્યાં, તમને સ્વાસ્થ્ય અને સલામતી વિશે માહિતી, તાલીમ, સંરક્ષાત્મક કપડાં અને કોઈપણ જરૂરી રિપ્લેસમેન્ટ્સ વિના મૂલ્યે મળવા જોઈએ.

## માંદગીનો પગાર

તમારા રોજગારના કારારમાં દર્શાવવું જોઈએ કે જો તમે માંદગી સબબ ગેરહાજર રહો તો તમને શું પેમેન્ટ કરવામાં આવશે. UK માં તમે જે લઘુતમ રકમના હકદાર છો તે બીમારીનો વૈધાનિક પગાર (Statutory Sick Pay (SSP)) છે. જ્યારે તમે કામ પરથી સતત ચાર દિવસ કે તેથી વધુ ગેરહાજર રહો ત્યારે આ લાગુ પડે છે. બીજા સંજોગોમાં, તમારો કરાર તમને વધારાનો પગાર અથવા લાભો આપી શકે.

## તમારી શરતો

આ તમારી અને તમારા નોકરીદાતા વચ્ચે એક કરાર છે. કાયદેસર રીતે, જો તમે એક મહિનાથી વધારે નોકરી પર હો તો તમને તમારી શરતોની લેખિત વિગતો મળવી જોઈએ.

તમે કામ શરૂ કરો તેના બે મહિનામાં તમને રોજગારની લેખિત શરતો મળવી જોઈએ અને તેમાં નીચે દર્શાવેલી માહિતીનો સમાવેશ થવો જ જોઈએ:

- તમારું નામ
- તમે કોના માટે કામ કરશો
- તમે ક્યા પ્રકારનું કામ કરશો
- તમે કામ શરૂ કર્યાની તારીખ
- તમારા કામનું સ્થળ
- તમારા પગારનો દર અને તે કેટલી વખત મળશે (અઠવાડિયે કે માસિક)
- કામના કલાકો
- રજાની હકદારી
- માંદગીના પગારની હકદારી
- શિસ્ત, બરતરફી, અને ફરિયાદને લગતી કાર્યપદ્ધતિઓ
- જો રાજીનામું આપો તો તમારે આપવી પડતી નોટિસ, અથવા બરતરફી પછી મેળવવી પડતી નોટિસ

તમારા નોકરીદાતા ફક્ત તમારી મંજૂરીથી જ તમારા કરારની શરતોમાં ફેરફાર કરી શકે છે.

# અમારો સંપર્ક કરો

Gangmasters &
Labour Abuse Authority

PO Box 10272, Nottingham, NG2 9PB

**www.gla.gov.uk**

ઈમેઈલ: **intelligence@glaa.gsi.gov.uk**

+44 (0)345 602 5020

**નિ:શુલ્ક ખાનગી** રિપોર્ટિંગ લાઈન:

0800 432 0804

વધારે મદદ માટે **www.gla.gov.uk/contacts** પર જાઓ

Gangmasters & Labour Abuse Authority

UNIVERSITY *of* DERBY

# ચોપાનિયાં માટે ફંડ આપનાર:

# GLAA અકાદમી

## યુનિવર્સિટી ઓફ ડર્બીની ભાગીદારીમાં



# GLAA વિશે

## Gangmasters & Labour Abuse Authority (GLAA) એ કામદારોનું શોષણથી રક્ષણ કરવા ઉભી કરેલી એક સંસ્થા છે.

અમે તજજ્ઞ તપાસનીશોને નોકરીએ રાખીએ છીએ કે જેઓ વેતનના ઓછા પેમેન્ટ થી માંડીને બળજબરીપૂર્વક મજૂરીના ગુનાઓ, સંબંધિત ગેરકાયદે માનવ તસ્કરી, અને આધુનિક ગુલામીના બીજા પાસાં સુધીની કામદારોની સમસ્યાઓની તપાસ કરવા માટે સક્ષમ છે.

UK ફ્રેશ પ્રોડ્યુસ સેક્ટરમાં કામ કરવા માટે કામદારો સપ્લાઈ કરતી કંપનીઓ અને વ્યક્તિઓ 'ગેંગમાસ્ટર્સ' માટે GLAA એ મજબૂત લાઈસન્સિંગ સ્કીમ ચલાવવાનું ચાલુ રાખેલ છે. તેમાં ખેતીવાડી, બાગકામ, શેલફિશ એકઠી કરવી, અને તમામ સંબંધિત પ્રોસેસિંગ અને પેકેજિંગ આવરી લેવામાં આવે છે.

તમામ લાઈસન્સ્ડ ગેંગમાસ્ટર્સએ સખત લાઈસન્સિંગ ધોરણોનો અમલ કરવાનો રહેશે. ઉપરોક્ત યાદીમાં દર્શાવેલ ઉદ્યોગોમાં લાઈસન્સ વગર હંગામી કામદારો સપ્લાઈ કરવા તે ફોજદારી ગુનો છે જેમાં મહત્તમ 10 વર્ષની સજાની જોગવાઈ છે. લાઈસન્સ વિનાના મજૂર સપ્લાયરો સાથે ગોઠવણ કરવી તે પણ ફોજદારી ગુનો છે. આમાં છ મહિનાની મહત્તમ સજા છે.

# કામદારોનું શોષણ બંધ કરવામાં મદદ કરો

તમારા હકો સુરક્ષિત કરવા માટે અને તમે કાયદા દ્વારા હકદાર છો તેવી શરતો પર તમે કામ કરો તેની ખાતરી કરવા માટે અમને તમારી મદદની જરૂર છે. જો તમને એમ લાગે કે તમારી સાથે યોગ્ય, ન્યાયિક અથવા કાયદેસરનો વ્યવહાર થયો નથી તો કૃપા કરી અમારો સંપર્ક કરો.

## તમારી માહિતી વિના અમે મદદ કરી શકીએ નહીં

તમે:

- અમારી સાથે સીધી વાત કરવા - સોમવારથી શુક્રવાર, 9am - 5pm (દુભાષિયા ઉપલબ્ધ છે) **0345 602 5020** પર ફોન કરી શકો છો (વિકલ્પ 2)
- ઈમેઈલ **intelligence@glaa.gsi.gov.uk**
- અમારી ખાનગી લાઈન **0800 432 0804** પર નિ:શુલ્ક ફોન કરી શકો છો
- અમારી વેબસાઈટ **www.gla.gov.uk** દ્વારા અમને માહિતી મોકલી આપી શકો છો
- GLAA, PO Box 10272, Nottingham, NG2 9PB પર અમને લખો

જો તમે અનુભવી સલાહકાર સાથે તમારા રોજગારના હકોની ચર્ચા કરવા માંગતા હો તો તમારા લોકલ Citizens Advice Bureau (સિટીઝન્સ એડવાઈસ બ્યૂરો) નો સંપર્ક કરો અથવા Acas Helpline (Acas હેલ્પલાઈન) ને **0300 123 1100** પર કોલ કરો.

# GLAA ના લાઈસન્સિંગ ધોરણો

UK કાયદા મુજબ તમારા નોકરીદાતાએ કામદારોને ખરાબ વ્યવહાર અને શોષણથી સંરક્ષણ આપવું જરૂરી છે.

આ જ કાયદા તમને અમુક હકોના હકદાર બનાવે છે અને તે અમુક બાબતોને લગતા છે જેમ કે:

- તમારું વેતન - તમને National Minimum Wage (રાષ્ટ્રીય લઘુતમ વેતન) મળવું જોઈએ
- તમને કેટલો રજાનો પગાર મળે છે
- તમારા કરારમાંની શરતો
- કામમાંથી બ્રેક કેટલા સમય માટે અને કેટલી વખત મળે
- તમારી સાથે કામ ઉપર કેવો વ્યવહાર થાય છે
- તમને સુરક્ષિત રાખે તેવી રીતે કામ કરીને અને/અથવા જરૂરી હોય ત્યારે સલામતીના સાધનો પૂરાં પાડીને તમારા સ્વાસ્થ્ય, કલ્યાણ અને સલામતીનું રક્ષણ કરવું
- જો તમારા નોકરીદાતાએ તે આપ્યા હોય તો રહેઠાણ અને ટ્રાન્સપોર્ટનાં ધોરણો

## GLAA ના લાઈસન્સિંગ ધોરણો - ચાલુ

આ જ હકો GLAA લાઈસન્સ ને લાગુ પડતા ધોરણો દ્વારા પણ સુરક્ષિત કરવામાં આવે છે.

જો તમને ખેતીવાડી, બાગકામ, શેલફિશ એકઠી કરવી, અથવા કોઈ સંબંધિત પ્રોસેસિંગ અને પેકેજિંગના કામમાં જવાનું હોય તો તમારા નોકરીદાતા ચાલુ લાઈસન્સ ધરાવતા હોવા જોઈએ.

જો તમને ફિકર હોય કે કોઈ લાઈસન્સ વિના કામ કરી રહ્યું છે, અથવા તેમની કાયદેસરની જરૂરિયાતો સંતોષતા નથી, તો કૃપા કરી GLAA નો સંપર્ક કરો.